Registration No.: REFER-T-LC/36/2023
Filing No. : REFER-T-LC/36/2023
Filed On : 01/03/2023
Registered On : 01/03/2023
Decided on : 24/03/2025
Duration : dd-23/mm-00/yy-02

IN THE LABOUR COURT AT ANAND

Reference T NO. 36 OF 2023.

REFER-T-LC/36/2023 **Exh.24**

Second Party :

1. **VISHNUKUMAR SURESHBHAI PARMAR**
   LAKHUN TALAVADI, CHIKHODRA, Ta.Di.ANAND

VERSUS

First Party :

1. **MANAGER SHRI, VIMSONS AEROSOL**
   N.H.No.8, GAMDI, Ta.Di.ANAND

Appearance:
A.D.MACWAN Ld. Advocate For the Second Party
J.S.PATEL Ld. Advocate For the First Party

વિષયઃ ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦(૧)સી અન્વયે ન્યાયિક નિર્ણય લેવા બાબત.

-: એ વો ર્ડ :-

(૧) બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ ઔધોગિક તકરાર ઉપસ્થિત કરતાં તેમાં સમાધાન નિષ્ફળ જતાં મદદનીશ શ્રમ આયુકત, આણંદનાએ તેઓના હુકમ ક્રમાંક : કે.એચ.આર /૨૦૦૧/આઈ.ડી.આર./૧૦(૧)૮/૨૦૨૩ તા. ૨૨/૦૨/૨૦૨૩માં જણાવ્યા મુજબની અનુસુચિ પ્રમાણે ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦(૧)(સી) મુજબ અત્રેની અદાલતને રેફરન્સ કરેલ છે.

અનુસુચિ :- શ્રી વિષ્ણુકુમાર સુરેશભાઈ પરમારને પડેલા દિવસોના પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) બીજા પક્ષકાર તરફે આંક : ૪થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં જુદી-જુદી જગ્યાઓએ કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૬૦થી વધુ કામદારો કામ કરે છે અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૦૧/૦૧/૨૦૨૨ના રોજથી દૈનિક પગાર રૂા. ૩૫૫/-લેખે માસિક રૂા. ૬૭૭૪/-ના પગારથી ખંત અને વફાદારીપૂર્વક કામ કરતા હતા તેમજ બીજા પક્ષકારે સંસ્થામાં ૨૪૦ દિવસથી વધારે દિવસો કામ કરેલ છે તેમજ પ્રોવિડન્ડ ફંડની રકમ પણ બીજા પક્ષકારના પગારમાંથી કાપવામાં આવતી હતી. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકારને કોઈ ઠપકો કે નોટીસ આપવામાં આવેલ નથી. વધુમાં, પ્રથમ પક્ષકાર સંસ્થાને ઔદ્યોગિક વિવાદધારો લાગુ પડે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાના અધિકારીઓએ તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ બીજા પક્ષકાર નોકરી ઉપર હાજર થયા ત્યારે હાજરી બાયોમેટ્રીકથી ભરવામાં આવતી હતી તે હાજરી ભરવા દીધેલ નહીં અને બીજા પક્ષકારને મૌખિક રીતે જણાવેલ કે તમારુ કામ નથી, તમો સંસ્થામાં આવશો નહીં, તમોને છુટા કરવામાં આવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને છુટા કરવા અંગેની કોઈ નોટીસ આપેલ નથી અને મૌખિક રીતે છુટા કરી દીધેલ છે. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદધારાની કલમ-૨૫(એફ)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરેલ છે જેથી બીજા પક્ષકારે મદદનીશ મજુર કમિશ્નરની કચેરીમાં ફરીયાદ કરેલ ત્યાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ ખોટો જવાબ આપેલ જેથી ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલતને આ રેફરન્સ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે અને ઔદ્યોગિક વિવાદધારાની કલમ-૨૫ની જોગવાઈઓનું કોઈ જ પાલન કરેલ નથી તેમજ બીજા પક્ષકારની છટણી કરવા અંગે મદદનીશ શ્રમ આયુક્તની કચેરીમાંથી કોઈ જ પરવાનગી મેળવવામાં આવેલ નથી અને બીજા પક્ષકારને આવી કારમી મોંઘવારીમાં ગેરકાયદેસર રીતે છુટા કરી બેકાર બનાવી દીધેલ છે અને કુટુંબનું ભરણ

પોષણ કરવું અસહ્ય બની ગયેલ હોઈ બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરવા તેમજ રેફરન્સનો તમામ ખર્ચ પ્રથમ પક્ષકાર પાસેથી અપાવવા પેરા-૬માં જણાવ્યા પ્રમાણે દાદ માંગેલ છે.

(૩) પ્રથમ પક્ષકારને નોટીસ ઈસ્યુ કરતાં તે બજી જતાં આંક : ૬થી લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારના માંગણા નિવેદનની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા મુ. ગામડી, તા.જી.આણંદ ખાતે સ્પ્રેનું ઉત્પાદન કરતી ફાર્મા કંપની છે. ભારત ખાતે પ્રવર્તમાન વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ બાદ સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક મંદી પ્રવર્તમાન થયેલ છે જેના કારણે સમગ્ર વિશ્વ તેમજ વિશ્વની તમામ ઔદ્યોગિક સંસ્થાઓમાં મંદી વ્યાપેલ છે તેમજ વૈશ્વિક ધોરણે લાખોની સંસ્થામાં કર્મચારીઓની નોકરી જોખમાયેલ છે તે અનુસાર ડિસેમ્બર-૨૦૨૧ થી મે-૨૦૨૨ સુધી અને હાલમાં પણ કંપનીમાં મળવાપાત્ર ઓર્ડર બજારની માંગ જોતાં સાવ નહીંવત થઈ ગયેલ છે જેના કારણે કંપનીમાં કામ કરતા કામદારોને કોઈપણ જાતની ઉત્પાદન પ્રવૃત્તિ કરાવ્યા સિવાય માત્ર બેસાડી રાખી પગારની ચુકવણી/લે ઓફની ચુકવણી કરવી તે પ્રથમ પક્ષકાર કંપની માટે અને કંપનીમાં કામ કરતા અન્ય કર્મચારીઓ માટે અત્યંત જોખમી છે. વધુમાં, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૦૧/૦૧/૨૦૨૨ના રોજ નોકરીમાં જોડાયેલા અને પ્રથમ પક્ષકાર દ્વારા તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ નોકરીમાંથી છટણી કરવાનો હુકમ આપેલ તેમજ બીજા પક્ષકારે તા. ૨૦/૦૧/૨૦૨૩ થી પાછલા બાર માસમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ ન હોઈ બીજા પક્ષકાર નોકરીમાં પુનઃસ્થાપિત થવાની કે પડેલા પગારની દાદ મેળવવા હક્કદાર બનતા ન હોઈ બીજા પક્ષકારનો રેફરન્સ કાયદેસર રીતે ચાલવાપાત્ર ન હોઈ રદ કરવા અરજ કરેલ છે. વધુમાં, વૈશ્વિક મહામારીના કારણે કંપનીને ટકાવી રાખવાના એકમાત્ર શુભ આશયથી છેલ્લા ઘણા સમયથી કામદારોને અવારનવાર મૌખિક રીતે સમજ આપ્યા બાદ ન છુટકે પેકીંગ

PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

વિભાગમાં કામ કરતા કામદારોને ઔધ્યોગિક વિવાદધારો ૧૯૪૭ની કલમ-૨૫(એફ)ની જોગવાઈઓ અનુસાર પ્રથમ પક્ષકાર કંપનીમાં જાળવવામાં આવતા સીનીયોરીટી લીસ્ટને ધ્યાને લઈ જુનિયર મોસ્ટ કામદારોને લાસ્ટ કમ ફસ્ટ ગોના સિધ્ધાંત અનુસાર ન છુટકે છટણી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ તે અનુસાર બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર દ્વારા તા. ૨૦/૦૧/૨૦૨૩ના લેખિત હુકમથી છટણી કરવાની ફરજ પડેલ છે. કંપની દ્વારા બીજા પક્ષકારને છટણી કરતા અગાઉ કંપનીમાં કામ કરતા કામદારોનું સીનીયોરીટી લીસ્ટ મેઈન્ટેન કરવામાં આવેલ છે તેમજ બીજા પક્ષકારને છટણી કરવાનો હુકમ બીજા પક્ષકારના ઘરના સરનામે રજી.એ.ડી. પત્રથી મોકલી આપેલ, જે બીજા પક્ષકારે સ્વીકારેલ છે તેમજ બીજા પક્ષકારને છટણી કરવાના હુકમ સાથે એક માસની નોટીસના બદલામાં એક માસનો નોટીસ પગાર, છટણી વળતર, જમા રજાઓની રકમ તેમજ કરેલ કામગીરીના બાકી પગારની રકમ આઈ.સી.આઈ.સી.આઈના એકાઉન્ટ પે ચેક દ્વારા ચુકવી આપવામાં આવેલ છે જે બીજા પક્ષકારે કોઈપણ જાતના વાંધાવિરોધ વિના સ્વીકારી તેમના બેંક ખાતામાં ચેક જમા કરી સદર રકમ મેળવી લીધેલ છે. વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર ભણેલ ગણેલ અને શિક્ષિત કર્મચારી છે છતાં અત્રેની અદાલત સમક્ષ સત્ય હકીકત છુપાવી, ખોટી હકીકતો દર્શાવી અત્રેની અદાલતની સહાનુભુતિ મેળવવા ખોટો પ્રયત્ન કરેલ છે. હાલ બીજા પક્ષકાર અન્ય જગ્યાએ સારી નોકરી મેળવી સારી કમાણી કરી રહેલ છે જેથી પણ બીજા પક્ષકાર માંગણા નિવેદનમાં માંગેલ કોઈ દાદ મેળવવા હક્કદાર બનતા ન હોઈ રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) બીજા પક્ષકાર તરફે હાલના રેફરન્સની હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

<u>**મૌખિક પુરાવો**</u> :- બીજા પક્ષકાર તરફે આંક : ૯થી બીજા પક્ષકાર શ્રી વિષ્ણુકુમાર

સુરેશભાઈ પરમારનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે તથા તે લગત પ્રથમ પક્ષકારના વિ. વકીલશ્રી જે.એસ.પટેલ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

દસ્તાવેજી પુરાવો :-

(૧) આંક : ૧૭થી પ્રથમ પક્ષકારને રજી.પોસ્ટ એ.ડી.થી મોકલેલ માંગણા નિવેદન જેની પોસ્ટની સફેદ પાવતી તા. ૨૭/૦૩/૨૦૨૩.

(૨) આંક : ૧૮થી પ્રથમ પક્ષકારને માંગણા નિવેદન આર.પી.એ.ડી.થી મળી ગયેલ તેની એક્નોલેજમેન્ટની અસલ પાવતી.

(૩) આંક : ૧૯થી બીજા પક્ષકારની ઓગષ્ટ-૨૦૨૨ની પગાર સ્લીપ.

(૫) પ્રથમ પક્ષકાર તરફે તેમના બચાવમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

મૌખિક પુરાવો :- આંક : ૨૧થી ભાવિનભાઈ પ્રવિણભાઈ પટેલની સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે તથા તે લગત બીજા પક્ષકારના વિ. વકીલશ્રી એન.ડી.વાળંદ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

દસ્તાવેજી પુરાવો :-

(૧) આંક : ૧૧થી પ્રથમ પક્ષકાર દ્વારા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને ઔદ્યોગિક વિવાદધારો ૧૯૪૭ની કલમ-૨૫(એફ) રૂલ-૭૬ મુજબ તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ લખેલ પત્ર.

(૨) આંક : ૧૨થી પ્રથમ પક્ષકાર સંસ્થાનું પેકીંગ વિભાગનું સીનીયોરીટી લીસ્ટ.

(૩) આંક : ૧૩થી બીજા પક્ષકારને તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ આપેલ છટણીનો હુકમ.

(૪) આંક : ૧૪થી બીજા પક્ષકારને છટણીનો હુકમ તથા હક્ક હિસ્સાનો ચેક મળ્યાની પોસ્ટ ખાતાની એક્નોલેજમેન્ટ અસલ.

(૫) આંક : ૧૫થી બીજા પક્ષકારે નાયબ શ્રમ આયુક્તશ્રીમાં તા. ૨૩/૦૧/૨૦૨૩ના રોજ કરેલ ફરીયાદ.

(૬) આંક : ૧૬થી પ્રથમ પક્ષકારે તા. ૧૩/૦૨/૨૦૨૩ના રોજ ફરીયાદ વિરૂધ્ધ રજુ કરેલ જવાબ.

ઉપરોક્ત પુરાવાઓ સિવાય બન્ને પક્ષકારો તરફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી. બીજા પક્ષકાર તરફે આંક : ૨૦થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે આંક : ૨૨થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૬) બીજા પક્ષકાર તરફે આંક : ૨૩થી લેખિત દલીલો રજુ રાખેલ છે તેમજ પ્રથમપક્ષકાર તરફે તેમના વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે તેમની દલીલના સમર્થનમાં 1995IIAD(DELHI)189, 1995(34)DRJ86, 1995RLR286, Sudir Engineering Company Vs. Nitco Roadways Ltd. ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે 2022, LLR, 140, (Delhi High Court), Pratap Singh & Ors. Vs. Jaspal Kaur Public School and Anr.ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૭) રેકર્ડ ઉપરની હકીકતો, રજુ પુરાવાઓ તથા દલીલો ધ્યાને લેતાં હાલના રેફરન્સના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ઔદ્યોગિક વિવાદધારાની જોગવાઈઓનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે છુટા કરેલા છે?

(૨) શું આ કામના બીજા પક્ષકાર તેઓની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત, સળંગ નોકરી સહિત પુનઃસ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હક્કદાર છે?

(૩) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

-: <u>કા ર ણો</u> :-

(૯) **<u>મુદ્દા નં. ૧ અને ૨</u>** :- આ કામમાં મુદ્દા નં. ૧ અને ૨ની હકીકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોઈ હકીકતોનું પુનરાવર્તન અટકાવવાના હેતુથી આ બન્ને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

આ કામમાં હાલના વિવાદ સંદર્ભે બીજા પક્ષકારે પ્રથમ એ હકીકત પુરવાર કરવી પડે કે, તેઓ પ્રથમ પક્ષકારના આઈ.ડી.એક્ટની કલમ-૨(એસ)ની જોગવાઈ મુજબના કામદાર હતા. તેઓએ તે કાયદાની કલમ-૨૫(બી)ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હતી અને ત્યારબાદ તેઓએ કાયદાની આજ્ઞાત્મક જોગવાઈનો ભંગ કરીને નોકરીમાંથી છટણી કરી ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલા.

હાલના કેસમાં બીજા પક્ષકારનું કથન જોવામાં આવે તો, તેઓએ તા. ૦૧/૦૧/૨૦૨૨ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થામાં જોડાયેલ અને તેમનો દૈનિક પગાર રૂા. ૩૫૫/-લેખે માસિક પગાર રૂા. ૬૭૭૪/- ચુકવતા હતા. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દિવસથી વધારે કામ કરેલ છે. પ્રથમ પક્ષકારે તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ બીજા પક્ષકારને મૌખિક રીતે જણાવેલ કે, તમારુ કામ નથી અને તે રીતે છુટા કરેલ હોવાનું કથન કરેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે આંક : ૬થી જવાબ રજુ કરેલ છે તેમાં તેઓનું કથન જોવામાં આવે તો, કોવીડ મહામારી બાદ ઔદ્યોગિક સંસ્થામાં મંદી થયેલ છે. ડિસેમ્બર-૨૦૨૧ થી મે-૨૦૨૨ સુધી અને હાલમાં પણ કંપનીમાં મળવાપાત્ર ઓર્ડર બજારની માંગ જોતાં સાવ નહીંવત થઈ ગયેલ. આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૦૧/૦૧/૨૦૨૨ના રોજ જોડાયેલા

અને તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ નોકરીમાંથી છટણી કરવાનો હુકમ આપેલ હોવાનું કથન કરેલ છે. આમ, ઉપરોક્ત વિગેત બન્ને પક્ષના પક્ષ નિવેદન જોવામાં આવે તો, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હોવાની હકીકત નિર્વિવાદ છે. આ કામમમાં આંક : ૧૨ તેમજ આંક : ૧૩થી પ્રથમ પક્ષકાર તરફે છટણી લીસ્ટ જોતાં તેમાં પણ બીજા પક્ષકારનું નામ છે અને આંક : ૧૨થી રજુ છટણી કામદારોના લીસ્ટમાં જોઈનીંગ નામના કોલમમાં બીજા પક્ષકારની સામે તા. ૦૧/૦૧/૨૦૨૨ લખેલ છે. આમ, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૦૧/૦૧/૨૦૨૨ થી તા. ૨૩/૦૧/૨૦૨૩ સુધી કામ કરેલ છે. જ્યાં સુધી કાયમી કામદાર હતા કે હંગામી કામદાર હતા તે અંગે આઈ.ડી.એક્ટની કલમ-૨(એસ)માં કરવામાં આવેલ કામદારની વ્યાખ્યા જોવામાં આવે તો તેમાં કામદારનું વર્ગીકરણ તેના કામ આધારે કરવામાં આવેલ છે તે વ્યાખ્યામાં કોઈ વ્યક્તિ કાયમી, હંગામી, રોજમદાર કે કોન્ટ્રાક્ચ્યુઅલ કામદાર હોવાથી તેનો સમાવેશ તે વ્યાખ્યામાં કરવામાં આવેલ નથી તે સંજોગોમાં બીજા પક્ષકાર આઈ.ડી.એક્ટની કલમ-૨(એસ) મુજબ પ્રથમ પક્ષકારના કામદાર હોવાની હકીકત પુરવાર થાય છે.

ત્યારબાદ બીજા પક્ષકારે આઈ.ડી.એક્ટની કલમ-૨૫(બી)(૧) મુજબ અતૂટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ? અથવા તો કલમ-૨૫(બી)(૨) મુજબ નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ? તે હકીકત જોવાની રહે છે.

આ સંદર્ભે બીજા પક્ષકારનું કથન જોવામાં આવે તો પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દિવસથી વધારે કામ કરેલ હોવાનું કથન કરેલ છે. બીજા પક્ષકાર તા. ૦૧/૦૧/૨૦૨૨ના રોજ નોકરીમાં જોડાયેલ અને તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ છુટા કરવામાં આવેલ હોવાનું કથન કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે આંક : ૬થી રજુ કરવામાં

PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

આવેલ જવાબ જોતાં બીજા પક્ષકાર તા. ૦૧/૦૧/૨૦૨૨ના રોજ નોકરીમાં જોડાયેલ અને તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ નોકરીમાંથી છટણી કરવામાં આવેલ હોવાનું કથન કરેલ છે. આમ, બીજા પક્ષકારે તા. ૦૧/૦૧/૨૦૨૨ થી તા. ૨૦/૦૧/૨૦૨૩ સુધી સળંગ કામગીરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં, પ્રથમ પક્ષકાર તરફે આંક : ૧૨થી રજુ કામદારોના છટણી લીસ્ટમાં બીજા પક્ષકારની જોઈનીંગ તા. ૦૧/૦૧/૨૦૨૨ લખેલ છે. આમ, તે હકીકત જોવામાં આવે તો પણ ૨૪૦ દિવસથી વધારે દિવસ થાય છે. આમ, બીજા પક્ષકારે તા. ૦૧/૦૧/૨૦૨૨ થી તા. ૨૦/૦૧/૨૦૨૩ સુધી સળંગ કામગીરી કરેલ હોઈ છેલ્લે કામગીરી કરેલ તેના પાછળના ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

હવે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે કેમ? તે હકીકત જોવાની રહે છે તે માટે આઈ.ડી.એક્ટની કલમ–૨૫(એફ)ની જોગવાઈઓ અત્રે નોંધવી જરૂરી બને છે.

<u>૨૫(એફ) : – કામદારોની છટણીની પૂર્વ શરતો</u>,

કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી.

(ક) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસના બદલે નોટીસની મુદત સુધીનુ વેતન આપવામાં ન આવે ત્યાં સુધી:

પરંતુ,

(ખ) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ ન હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(ગ) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી,

કરી શકશે નહીં"

ઉપરોક્ત જોગવાઈ મુજબ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છટણી કરેલ છે કેમ? તે હકીકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ-૨(ઓઓ) માં કરેલ છે તે નોંધવી જરૂરી બને છે.

કલમ-૨(OO) "છટણી"

છટણી એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી,

(એ) કામદારની સ્વેચ્છાપૂર્વકની નિવૃત્તિ અથવા

(બી) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તિ વયે પહોંચતાં કામદારની નિવૃત્તિ અથવા

(બીબી) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પૂરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ અથવા

(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ

આ કામમાં બીજા પક્ષકારના કથન મુજબ તેઓને કામ ન હોવાના બહાના હેઠળ મૌખિક હુકમથી છુટા કરી દેવામાં આવેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફેથી રજુ કરેલ લેખિત જવાબમાં એવું કથન કરેલ છે કે, વૈશ્વિક મહામારી કોવીડ-૧૯ બાદ મંદીના કારણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ડિસેમ્બર-૨૦૨૧ થી મે-૨૦૨૨ સુધી અને ત્યારબાદ

હાલમાં પણ કંપનીમાં ઉત્તરોત્તર મળવાપાત્ર ઓર્ડર બજારની માંગ ખુબ જ ઓછી થઈ ગયેલ હોઈ કંપનીએ કામદારોને કોઈપણ જાતની ઉત્પાદન પ્રવૃત્તિ કરાવ્યા સિવાય બેસાડી રાખી પગારની ચુકવણી કરવી જોખમી છે. વૈશ્વિક મહામારીના કારણે કંપનીને ટકાવી રાખવાના એકમાત્ર શુભ આશયથી છેલ્લા ઘણા સમયથી કામદારોને અવારનવાર મૌખિક રીતે સમજ આપ્યા બાદ ન છુટકે પેકીંગ વિભાગમાં કામ કરતા કામદારોને ઔદ્યોગિક વિવાદધારો ૧૯૪૭ની કલમ-૨૫(એફ)ની જોગવાઈઓ અનુસાર પ્રથમ પક્ષકાર કંપનીમાં જાળવવામાં આવતા સીનીયોરીટી લીસ્ટને ધ્યાને લઈ જુનિયર મોસ્ટ કામદારોને લાસ્ટ કમ ફસ્ટ ગોના સિધ્ધાંત અનુસાર ન છુટકે છટણી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ તે અનુસાર બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર દ્વારા તા.૨૦/૦૧/૨૦૨૩ ના લેખિત હુકમથી છટણી કરવાની ફરજ પડેલ છે. કંપની દ્વારા બીજા પક્ષકારને છટણી કરતા અગાઉ કંપનીમાં કામ કરતા કામદારોનું સીનીયોરીટી લીસ્ટ મેન્ટેન કરવામાં આવેલ છે તેમજ બીજા પક્ષકારને છટણી કરવાનો હુકમ બીજા પક્ષકારના ઘરના સરનામે રજી.એ.ડી. પત્રથી મોકલી આપેલ, જે બીજા પક્ષકારે સ્વીકારેલ છે તેમજ બીજા પક્ષકારને છટણી કરવાના હુકમ સાથે એક માસની નોટીસના બદલામાં એક માસનો નોટીસ પગાર, છટણી વળતર, જમા રજાઓની રકમ તેમજ કરેલ કામગીરીના બાકી પગારની રકમ આઈ.સી.આઈ.સી.આઈના એકાઉન્ટ પે ચેક દ્વારા ચુકવી આપવામાં આવેલ છે જે બીજા પક્ષકારે કોઈપણ જાતના વાંધાવિરોધ વિના સ્વીકારી તેમના બેંક ખાતામાં ચેક જમા કરી સદર રકમ મેળવી લીધેલ છે. આમ, પ્રથમ પક્ષકારનું કથન જોવામાં આવે તો વૈશ્વિક મંદીના કારણે કંપનીમાં મળવાપાત્ર ઓર્ડર બજારની માંગ જોતાં સાવ નહીંવત થઈ ગયેલ છે જેથી ઔદ્યોગિક વિવાદધારા ૧૯૪૭ની કલમ-૨૫(એફ)ની જોગવાઈ અનુસાર પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારની છટણી કરેલ છે.

ઉપરોક્ત વિગતે પ્રથમ પક્ષકારના બચાવ સંદર્ભે રજુ થયેલ પુરાવાની ચર્ચા

કરવામાં આવે તો, પ્રથમ પક્ષકારે દસ્તાવેજો રજુ કરેલ છે, જેમાં આંક : ૧૧ જોતાં પ્રથમ પક્ષકાર દ્વારા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને ઔદ્યોગિક વિવાદધારો ૧૯૪૭ની કલમ–૨૫ (એફ), રૂલ–૭૬ મુજબની નોટીસ રજુ કરેલ છે, જેમાં ૧૦ કામદારોની છટણી તા. ૨૦/૦૧/૨૦૨૩થી કરવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે અને તેની સાથે એનેક્ષરમાં રીટ્રેન્ચમેન્ટ કરવાનું કંપનીમાં (૧) વૈશ્વિક મંદીમાં કામની વધારે પડતી તંગી અને (૨) બજારની પ્રતિસ્પર્ધાને પહોંચી વળવા UPDATION કરવાની જરૂરીયાત ઉભી થવી તેવું દર્શાવેલ છે. આંક : ૧૨થી છટણી કરાયેલ કામદારોનું સીનીયોરીટી લીસ્ટ રજુ રાખેલ છે, જેમાં બીજા પક્ષકારનું નામ અનુ.નં. ૪ પર દર્શાવેલ છે. આંક : ૧૩થી બીજા પક્ષકારને આપેલ છટણીનો હુકમ તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજનો રજુ કરેલ છે, જેમાં બીજા પક્ષકારનું નામ અનુ.નં. ૪ પર દર્શાવેલ છે અને સાથે એનેક્ષર બીડેલ છે જેમાં રીટ્રેન્ચમેન્ટ વળતરની માહિતી છે જેમાં બીજા પક્ષકારનું નામ, વિષ્ણુકુમાર સુરેશભાઈ પરમાર, જોઈનીંગ તા. ૦૧/૦૧/૨૦૨૨, નોટીસ સેલેરી ૧ માસ રૂા. ૮૮૭૫/–, રીટ્રેન્ચમેન્ટ સેલેરી ૧૫ દિવસ રૂા. ૫૩૨૫/–, પેઈડ લીવ મળવાપાત્ર નથી (૨૩૨ દિવસ) દર્શાવેલ છે અને કુલ ચુકવવાપાત્ર રકમ રૂા. ૧૪,૨૦૦/– દર્શાવેલ છે.

આ કામે આંક : ૯થી બીજા પક્ષકાર તરફે પુરાવાનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે, જેની ઉલટ તપાસ પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલ છે, તેમાં બીજા પક્ષકારનું કથન જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૦૧/૦૧/૨૦૨૨ના રોજ ફરજ પર જોડાયેલ અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ છટણી કરવાનો હુકમ આપેલો તે હકીકતનો તેઓ સ્વીકાર કરે છે અને તે હુકમની સાથે રૂા. ૧૪,૨૦૦/–નો ચેક મળેલો તે ચેક બીજા પક્ષકારે તેમના ખાતામાં જમા કરાવેલ હતો તે હકીકતનો સ્વીકાર કરેલ છે.

આમ, બીજા પક્ષકારની ઉલટ તપાસ જોતાં તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ બીજા પક્ષકારને છટણી કરવાનો હુકમ કરવામાં આવેલ અને છટણી હુકમ સાથે ઘરના સરનામે રજી.એ.ડી. પત્રથી રૂા. ૧૪,૨૦૦/–નો ચેક મળેલ તે બીજા પક્ષકારે તેમના ખાતામાં જમા કરાવેલ હોવાનું કથન કરેલ છે, જે હકીકત જોતાં પ્રથમ પક્ષકાર તરફે આંક : ૧૩થી બીજા પક્ષકારને તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ લેખિત હુકમથી છુટા કરેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં, હાલના રેફરન્સમાં શ્રમ આયુક્તશ્રી સમક્ષ કરવામાં આવેલ ફરીયાદ જોતાં સંસ્થામાં કામ કરતા કામદારની સંખ્યા ૬૦ દર્શાવેલ છે તે હકીકત જોતાં સંસ્થામાં ૧૦૦ કરતાં ઓછા કામદારો છે અને આઈ.ડી.એક્ટની કલમ–૨૫(એફ) ની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આંક : ૧૩થી રજુ છટણીનો હુકમ જોતાં પ્રથમ પક્ષકારે છટણી બદલ એક મહીનાનો નોટીસ પગાર આપેલ છે તેમજ ૧૫ દિવસનું છટણી વળતર ચુકવેલ છે તેમજ આંક : ૧૧થી પ્રથમ પક્ષકારે રજુ કરેલ પ્રથમ પક્ષકાર દ્વારા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને ઔદ્યોગિક વિવાદધારા ૧૯૪૭ની કલમ–૨૫(એફ), રૂલ ૭૬ મુજબની નોટીસ બજાવવામાં આવેલ છે. આમ, પ્રથમ પક્ષકાર તરફે આઈ.ડી. એક્ટની કલમ–૨૫(એફ)ની જોગવાઈનું પાલન કરવામાં આવેલ છે. વધુમાં, આંક : ૧૨થી પ્રથમ પક્ષકાર તરફે છટણી કરાયેલ કામદારોનું સીનીયોરીટી લીસ્ટ પણ રજુ રાખેલ છે અને LIFO પદ્ધતિથી નામ પસંદ કરી છટણી કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે કથન કરેલ છે કે, પ્રથમ પક્ષકારે તેઓને તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ મૌખિક રીતે જણાવી છુટા કરેલ છે પરંતુ પ્રથમ પક્ષકાર તરફે આંક : ૧૩થી રજુ છટણી હુકમ જોતાં લેખિત હુકમથી છટણી કરેલ છે તે હકીકત પુરવાર થાય છે તેમજ બીજા પક્ષકારની આંક : ૯ની ઉલટ તપાસમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ છટણી કરવાનો હુકમ આપેલ હોવાનું કબુલ રાખેલ છે તેમજ છટણી હુકમ સાથે રૂા. ૧૪,૨૦૦/–નો ચેક સ્વીકારેલ અને પોતાના ખાતામાં જમા

કરાવેલ હોવાનું કબુલ રાખેલ છે. આ કામે આંક : ૨૧થી પ્રથમ પક્ષકાર તરફે સરતપાસનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે, જેની ઉલટ તપાસ બીજા પક્ષકાર તરફે લેવામાં આવેલ છે. ઉલટ તપાસમાં તેઓને સવાલ પુછવામાં આવે છે કે, કર્મચારીને કોણે છુટા કર્યા, કઈ રીતે કર્યા તેની તેઓને કોઈ જાત માહિતી નથી? જવાબમાં જણાવે છે કે, કંપનીમાં કામ ઓછુ હતું તેથી મેનેજમેન્ટે નક્કી કરેલ કામદારોની છટણી કરવામાં આવેલ અને તે હકીકતથી તેઓ વાકેફ છે. વધુમાં, તેઓને સરકારી મજુર અધિકારીને છટણી અંગે અરજી કરેલ તેની મંજુરી મળેલ છે કે કેમ તેની તેઓને ખબર નથી? તેવો સવાલ કરતાં જવાબમાં જણાવે છે કે, મજુર અધિકારીને છુટા કર્યા અંગે કંપનીએ અરજી કરેલી તે બાબતોના કાગળ તેઓએ રજુ કરેલ છે.

બીજા પક્ષકાર તરફે આંક : ૨૩થી લેખિત દલીલો રજુ કરેલ છે, તેમાં દલીલ કરેલ છે કે, પ્રથમ પક્ષકારના સાક્ષી ઉલટ તપાસમાં સાક્ષી તરીકે અધિકારપત્ર આપેલ નથી તેમજ આંક : ૧૧ થી આંક : ૧૬ના પુરાવા રજુ કરેલ છે તે અંગે કોઈ સાક્ષીના પુરાવા રજુ કરેલ ન હોય તેને પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં. તેમણે તેના સમર્થનમાં **૧૯૯૫ (૩૪), બી.આર.જે. ૮૬ સુદિર એન્જીનીયરીંગ કંપની વિરૂધ્ધ નીટકો રોડવેઝ**નો ચુકાદો રજુ કરેલ છે પંરતુ પ્રથમ પક્ષકાર તરફે ઉલટ તપાસ જોતાં સાક્ષી પ્રથમ પક્ષકાર સંસ્થામાં સુપરવાઈઝર તરીકે નોકરી કરેલ છે અને તેઓએ રજુ કરેલ સોગંદનામામાં ઔદ્યોગિક વિવાદધારો ૧૯૪૭ની કલમ-૨૫(એફ)ની જોગવાઈનું પાલન કરેલ હોવાનું જણાવે છે અને તેમની જુબાનીને સમર્થન કરતા દસ્તાવેજો આંક : ૧૧ થી આંક : ૧૬ સુધીના પ્રથમ પક્ષકારે રજુ કરેલ છે તેમજ ઉલટ તપાસમાં પણ કંપનીમાં કામ ઓછુ હતું તેથી મેનેજમેન્ટે નક્કી કરેલ કામદારોની છટણી કરવામાં આવેલ તે હકીકતથી વાકેફ હોવાનું જણાવે છે તેમજ મજુર અધિકારીને છુટા કર્યા અંગે કંપનીએ અરજી કરેલી તે બાબતના કાગળો તેઓ તરફે રજુ કરેલ હોવાનું કથન કરેલ છે. વધુમાં, બીજા પક્ષકારની

આંક : ૯ હેઠળ થયેલ જુબાનીમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજ છટણી કરવાનો હુકમ આપેલો તેમજ છટણીના હુકમ સાથે રૂા. ૧૪,૨૦૦/-નો ચેક મળેલ અને તે તેમના ખાતામાં જમા કરાવેલ હોવાનું કબુલ રાખેલ છે તેવા સંજોગોમાં પ્રથમ પક્ષકાર તરફે રજુ કરેલ દસ્તાવેજોની હકીકતથી વિપરીત હકીકત રેકર્ડ પર આવેલ નથી ત્યારે આંક : ૧૧ થી આંક : ૧૬ના દસ્તાવેજોની હકીકત ન માનવાનું કોઈ કારણ નથી તેવા સંજોગોમાં બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ ઓથોરીટીના કેસની હકીકત હાલના કેસની હકીકતથી ભિન્ન હોઈ બીજા પક્ષકારના કેસને મદદરૂપ થતી નથી તેવું મારુ નમ્રપણે માનવું છે. વધુમાં, પ્રથમ પક્ષકાર તરફે અગાઉ ચર્ચા કર્યા મુજબ આઈ.ડી.એક્ટની કલમ-૨૫(એફ) તેમજ આંક : ૧૨ અને આંક : ૧૩થી રજુ સીનીયોરીટી લીસ્ટ મુજબ છેલ્લે કામે રાખેલ કામદારની સીનીયોરીટી મુજબ લીફો પધ્ધતિ પ્રમાણએ છુટા કરેલ છે તેવા સંજોગોમાં પ્રથમ પક્ષકાર તરફે આઈ.ડી.એક્ટની કલમ-૨૫(જી)ની જોગવાઈનું પાલન કરેલ હોવાનું પુરવાર થાય છે. વધુમાં, બીજા પક્ષકાર તરફે દલીલ કરેલ છે કે, બીજા પક્ષકારની જગ્યાએ બીજા કામદારને નોકરીએ રાખેલ છે. આમ, કંપનીએ મજુર કાયદાનો ભંગ કરેલ છે પરંતુ હાલના કામે બીજા પક્ષકાર તરફે રજુ આંક : ૪ના માંગણા નિવેદન તેમજ બીજા પક્ષકારનું આંક : ૯થી રજુ સોગંદનામામાં બીજા પક્ષકારની જગ્યાએ બીજા કામદારને નોકરીએ રાખેલ હોવા બાબતેનું કોઈ કથન બીજા પક્ષકારે કરેલ નથી તેમજ આવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, ઉપરોક્ત એકંદરે તમામ હકીકતો ધ્યાને લેતાં પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકારની છટણી માટેની કાયદેસરની કાર્યવાહી કરેલ છે અને આઈ.ડી.એક્ટની કલમ-૨૫(એફ) તેમજ ૨૫(જી)ની જોગવાઈઓનું પાલન કરી બીજા પક્ષકારને છુટા કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર હોવાનું પુરવાર થતું ન હોઈ જેથી મુદ્દા નં.

૧નો જવાબ તે સંજોગોમાં "નકાર"માં આપવામાં આવે છે.

આમ, હવે જ્યારે મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં આપવામાં આવેલ હોય ત્યારે સ્વાભાવિક રીતે બીજા પક્ષકાર કોઈપણ પ્રકારની દાદ મેળવવા હક્કદાર બનતા નથી તે સંજોગોમાં મુદ્દા નં. ૨નો જવાબ પણ "નકાર"માં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૩ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

(૧) બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ (એલ.સી.એ.) નં. ૩૬/૨૦૨૩ આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Date : 24/03/2025
Place : ANAND

Mr. JAVEDAKHTARKHAN BAJITKHAN GHASURA
GJ01028
PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

K.K.PRANKADA : PA